

# મહાભારત યુગની રાજ્યક્રાંતિઓના સૂત્રધાર: મુત્સદ્દી શ્રીકૃષ્ણ :

પ્રા. ડૉ. તૃપ્તિ સી. પટેલ
ગુજરાતી વિભાગ,
ડી.એન.પી. આર્ટસ અને કોર્મસ કોલેજ, ડીસા.

યુગપ્રવર્તક શ્રીકૃષ્ણ ધર્મસંસ્થાપક , ધર્મસંવર્ધક અને ધર્મસંરક્ષક છે . એમણે એમનું આખું જીવન ધર્મના સ્થાપન , સંવર્ધસન અને રક્ષણમાં ગાળ્યું છે . પણ, કૃષ્ણચરિત્રના ત્રિવિધ ગુણોને પ્રગટાવવાના , એને વ્યવહારની ધરાતલ પર સાકાર કરવાના સામર્થ્ય પાછળ છે એમનામાં રહેલા મુત્સદ્દીપણાના ગુણો . મહાભારત યુગની સમગ્ર ક્રાંતિઓના સૂત્રધાર શ્રીકૃષ્ણ માં એક સાચા રાજપુરુષને શોભે એવી વ્યાવહારિકતા અને નીતિનૈપુણ્યતા હતી. આજના રાજકારણની ભાષામાં તેઓ મુત્સદ્દી હતા. કૃષ્ણનાં જીવનકાર્યો પર દ્રષ્ટિપાત કરનાર કોઈ પણ અભ્યાસીને કૃષ્ણની વિલક્ષણ મુત્સદ્દીગીરીની પ્રતીતિ થયા વિના રહેશે ન હીં. કૃષ્ણની સફળ મુત્સદ્દીગીરી જ એમને એમના જમાનાના સફળ અને સબળ રાજનેતા તરીકે સમગ્ર ભારતવર્ષમાં પ્રસ્થાપિત કરવામાં મદદરૂપ નીવડી છે . અહીં આપણે કૃષ્ણની મુત્સદ્દીગીરીના તેજલીસોટાને પ્રગટ કરતા કેટલાક પ્રસંગોને જોઈએ.

કંસને મારીને રાજગાદીએ ચડી બેસવાને બદલે ઉગ્રસેનનો રાજ્યાભિષેક કરાવતા કૃષ્ણમાં તેમની વ્યવહાર દ્રષ્ટિની સાથે તેમની મુત્સદીગીરી પણ દેખાઈ આવે છે. આમ કરીને કૃષ્ણ જેવા વિચક્ષણ મુત્સદીએ એક કાંકરે બે પંખી મારવાનું કામ કર્યું છે . આમ કરવાથી એક બાજુ કૃષ્ણની ત્યાગવૃતિ લોકોને સ્પર્શી જાય અને બીજી બાજુ કંસના જ પિતા રાજગાદી પર બેસે તેથી કંસના રોષે ભરાયેલા ઝનૂની ટેકેદારો પણ શાંત પડી જાય અને યાદવકુળના મોવડીઓ પણ નવી રાજ્યવ્યવસ્થાને વિના વિરોધે સ્વીકારી લે . આ પ્રસંગમાં યુવાન કૃષ્ણની ઊંડી સમજ, ઉદાત્ત ત્યાગવૃતિ અને દીર્ઘદ્રષ્ટિનો પરિચય થાય છે.

કંસવધને કારણે પોતાની બંને દીકરીઓ અસ્તિ અને પ્રાપ્તિ પાસેથી બધી જ જાણકારી મેળવીને જરાસંઘે પૃથ્વીના પટ પરથી યાદવોને સાફ કરી નાખવા પોતાના તમામ મિત્રો , સાથીઓ અને સામંતોની સેનાઓને એકઠી કરી મથુરા તરફ પ્રયાણ કર્યું . જરાસંઘની સેનાએ મથુરાને ઘેરો ઘાલ્યો. બલરામ અને કૃષ્ણ લડવા માટે કિલ્લામાંથી બહાર આવ્યા . જરાસંઘે કૃષ્ણને બદલે ભીમ સાથે ગદાથી દ્વં દ્વ યુદ્ધ કરવાનું નક્કી કર્યું. આ યુદ્ધમાં જરાસંઘનો પરાજય થયો . તે નાઠો અને કેદ પકડાયો . પણ રાજનીતિજ્ઞ કૃષ્ણે તેને છોડી મૂક્યો . આમ કરવામાં પણ કૃષ્ણ ની મુત્સદીગીરી જ કારણભૂત છે . જો કેદ પકડાયેલા જરાસંઘનો બળરામે કે કૃષ્ણ વધ કર્યો હોત તો ઉશ્કેરાયેલી જરાસંઘની સેના અને તેના મિત્ર સૈન્યોએ મથુરાને ખેદાન મેદાન કરી નાખ્યું હોત , પણ કૃષ્ણ જરાસંઘને મુક્ત કરીને મથુરાને આવી આપત્તિમાથી ઉગારી લે છે એમાં પણ કૃષ્ણ ની મુત્સદીગીરીનાં દર્શન થાય છે

પોતાના અપમાનથી ક્રોધે ભરાયેલા સમ્રાટ જરાસંઘ ફરીથી મથુરાને નેસ્તનાબૂદ કરવા સૈન્ય લઈને કૂચ કરી . આ સમાચારે મથુરામાં ભયની લાગણી ફેલાઈ ગઈ. ઉગ્રસેનની હાજરીમાં મળેલી સભામાં વિક દ્રુએ કૃષ્ણને કહ્યું કે, ` તું આ સૈન્યનો અધિપતિ છે અને અમે બધા તારે આજ્ઞાધીન છીયે. તારે લીધે જ આ વિગ્રહ થયેલો છે . તેથી તું અમને તારા પોતાના માનીને અમારું રક્ષણ કર . વસુદેવે પણ કૃષ્ણનાં દીર્ઘદ્રષ્ટિ અને શાણપણમાં શ્રદ્ધા રાખી યોગ્ય માર્ગ બતાવવા જણાવ્યું ત્યારે , જરાસંઘને તો કૃષ્ણ અને બળરામનાં માથાં જ જોઈએ છે

એમ જાણતા કૃષ્ણ મથુરાના લોકોને યુદ્ધ ની પાયમાલીમાંથી બચાવવા માટે મથુરા ત્યાગ નો જે નિર્ણય કરે છે , એમાં પણ એમની ઉત્તમ મુત્સદીગીરીનાં દર્શન થાય છે .પિતા વસુદેવ અને મહાત્મા વિક્દ્રુને કૃષ્ણે આપેલા જવાબમાં પણ એમની દીર્ઘદ્રિસ્ટ છલકાય છે . "વિદ્વાન રાજાએ પ્રતિપક્ષી બળવાન રાજાની સામે કદી ઊભા ન રહેતાં , પ્રતિકૂળ સમય ઓળખીને તેનાથી દૂર હઠી જવું . જો પોતે સમર્થ હોય તો જ તેણે સામું યુદ્ધ કરવું જોઈએ . જો કે હું લડવા શક્તિમાન છું .તો પણ અસમર્થની પેઠે જીવન બચાવવાની ખાતર મારા મોટાભાઈ બળરામની સાથે આ જ ક્ષણે અહીંથી ચાલ્યો જઈશ... અમને મથુરામાંથી આમ નાસી ગયેલા જાણીને , વિજયથી ફુલેલા રાજા જરાસંઘ આ નગરીમાં પ્રવેશ પણ નહીં કરે , અને મદમાં ને મદમાં અમારી પાછળ પડશે ."[2] બીજા દિવસે બળરામ અને કૃષ્ણ મથુરા છોડીને દક્ષિણ દિશા તરફ નાસી છૂટે છે . દીર્ઘદ્રષ્ટા કૃષ્ણે વિચારેલી વાત સાચી પડે છે . મથુરાને પડતું મૂકીને સૈન્ય સાથે જરાસંઘ કૃષ્ણનો પીછો કરે છે . ગોમંતક ટેકરી પાસે કૃષ્ણ-બલરામ અને જરાસંઘના સૈન્ય વચ્ચે ખરાખરીનો જંગ ખેલાય છે . કૃષ્ણ-બલરામના હાથે માર અને હાર ખાઈને જરાસંઘ સૈન્ય સાથે નાસી જાય છે. મથુરા પરત ફરતી વખતે પોતાની જાતને સાચા વાસુદેવ તરીકે ઓળખાવતા કરવીરપુરના રાજા શૃગલવ સાથે યુદ્ધ કરીને કૃષ્ણ તેનો વધ કરે છે અને એના સૈન્ય અને પ્રજાને અભયદાન આપી શૃગલવના પુત્રનો જ રાજ્યાભિષેક કરે છે . આ સમગ્ર ઘટનાક્રમમાં કૃષ્ણની રાજકીય કુનેહ, એમનું મુત્સદ્દીપણું અને એમની નિર્વૈરની ભાવના વ્યક્ત થાય છે.

મથુરા છોડીને પશ્ચિમમાં દ્વારામતી -દ્વારકાને પોતાની નવી રાજધાની બનાવવાનો નિર્ણય પણ કૃષ્ણની રાજકીય વિવેકબુધ્ધિનો ઉત્તમ નમૂનો છે . મથુરા યાદવોની જન્મભૂમિ હોવા છતાં અને અહીંજ તેમની ઘણી વૃધ્ધિ અને ઉન્નતિ થઈ હોવા છતાં દીર્ઘદ્રષ્ટા કૃષ્ણ દ્વારકાને નવી રાજધાની બનાવવા ઈચ્છે છે . તેના કરણોમાં કૃષ્ણ અનેક રાજાઓ સાથે બંધાયેલું તેમનું વેર , જરાસંઘ સાથે યુદ્ધ થવાનો સતત ભય , શત્રુઓ અહીં સહેલાઈથી ચડાઈ કરી શકે તેવી સંભાવના તેમજ મથુરાનો વસવાટ અતિશય ગીચ અ ને ગીરદીવાળો થવાનું ગણાવે છે . આની સામે ત્રણેય બાજુથી દરિયાથી ઘેરાયેલા અને ટેકરીવાળા વિસ્તારમાં આવેલ દ્વારકા વધુ સુરક્ષિત છે એવી એમની આત્મપ્રતીતિ છે . કુદરતી સૌંદર્યની સાથે સાથે અફાટ દરિયાના કારણે દુનિયાના અન્ય દેશોની સાથે પણ દરિયાઈ માર્ગે સંપર્કો કરી રાજ્યને સુખી, સમૃધ્ધ અને સુરક્ષિત રાખી શકાય . દ્વારિકા નગરી વસાવવાનો કૃષ્ણનો વિચાર એમના મુત્સદ્દી માનસનુંજ પરિણામ છે.

જરાસંઘ નોતર્યો કાલયવન કૃષ્ણ બલરામને મારવા મથુરા ઉપર ચડી આવે છે ત્યારે કૃષ્ણ યાદવો સાથે દ્વારિકા તરફ પ્રયાણ કરે છે. આ વાતની ખબર પડતાં કાલયવાન પણ મથુરાને બાજુએ રાખી સૈન્ય સાથે કૃષ્ણ -બલરામનો પીછો કરે છે. કૃષ્ણની તીવ્ર બુધ્ધિપ્રતિભા બે સેનાઓ વચ્ચેના યુદ્ધને બે સેનાપતિઓ વચ્ચેના યુદ્ધમાં ફેરવી નાખે છે . કૃષ્ણ સાથે દ્વંદ્વયુદ્ધ કરતો કળવણ મુચકુંદની ગુફા તરફ દોડતા કૃષ્ણનો પીછો કરે છે . અને ગુફામાં સૂતેલા મુચકુંદને લાત મારીને જગાડવા જાય છે ત્યારે તેમની આંખમાંથી પ્રગટેલા ક્રોધાગ્નિથી બળીને ખાખ થઈ જાય છે. બે સેનાઓ વચ્ચેના યુદ્ધને બે સેનાપતિઓના યુદ્ધમાં પલટાવી નાખવાની ઘટનામાં પણ કૃષ્ણની રાજનૈતિક નૈપુણ્યતા દેખાય છે.

સુભદ્રા હરણના સમાચાર જાણી યાદવ કુળમાં હાહાકાર મચી ગયો . અર્જુનનો પીછો કરવા રણવીરો રણહાકો કરવા લાગ્યા . ચારે બાજુ કોલાહલ મચી ગયો. બલરામ પણ ક્રોધમાં રાતાપીળા થયા . પણ જનાર્દનને શાંત બેઠેલા જોઈ એમનો અભિપ્રાય જાણવાની ઈચ્છા કરે છે . ત્યારે કૃષ્ણ કહે છે કે , " આ સબંધ યોગ્ય છે . સુભદ્રા યશસ્વિની છે અને એવાજ યશસ્વિ પૃથાપુત્રે તેનું બળપૂર્વક હરણ કર્યું છે .ભરતના તથા શાંતનુના વંશમાં જન્મેલા અને કુંતીભોજની પુત્રીના પુત્ર એ અર્જુનને કોણ પોતાનો કરવા નહીં ઈચ્છે ? હું જોતો નથી કે ભગના નેત્રને હરનારા અને ત્રણ નેત્રવાળા ભગવાન શંકર સિવાય , કોઈ બીજો અર્જુનને રણમાં જીતી શકે . આર્ય ! તે નામી છે , તેનો આવો રથ છે , તેને

મારા ઘોડાઓ જોડેલા છે અને તે સીઘ્ર અસ્ત્ર ચલાવનારો યોદ્ધો છે."[3] –કેવો મુત્સદ્દીભર્યો ઉત્તર ! દેશાટન દરમિયાન ઉલૂપીના મોહપાશમાં બંધાયેલા અને મણીપુરના રાજાની કુંવરી ચિત્રાંગદા સાથે લગ્ન કરતાં અર્જુન સાથે પોતાની નાની બહેન સુભદ્રાનું પણ હરણ કરાવી તેની સાથે લગ્ન કરાવતા કૃષ્ણ અર્જુનના વાસનાપૂર્ણ જીવનને સ્થિરતા બક્ષે છે. સુભદ્રાહરણ કૃષ્ણની દીર્ઘદ્રષ્ટિનું પરિણામ છે.

જરાસંઘ વધ એ દીર્ઘદ્રષ્ટા કૃષ્ણના મુત્સદ્દીપણાનું સર્વોચ્ચ શિખર છે. ભીમ પાસે જરાસંઘ વધ કરાવી એક બાજુ કૃષ્ણ જરસંઘ દ્વારા થનાર ઘાતકી નરબલીની શરૂ થનાર પરંપરાને અટકાવે છે તો બીજી બાજુ જ રાસંઘની કેદમાંથી મુક્ત થયેલ રાજાઓ પાસેથી રાજસુયયજ્ઞમાં યુધિષ્ઠિરને મદદરૂપ થવાની ખાત્રી મેળવી ધર્મસંસ્થાપન માટે કાર્યરત પાંડવોને મદદરૂપ થાય છે . મુત્સદ્દી કૃષ્ણના જરાસંઘ વધ કરવાના કાર્યને કારણે પાંડવોની શક્તિનો સર્વત્ર સ્વીકાર થયો , રાજસુયયજ્ઞ નિરવિઘ્ને પૂર્ણ થયો અને રાજસુયયજ્ઞ નિમિ ત્તે ઉપસ્થિત રાજાઓએ અમૂલ્ય ભેટો આપી તેથી પાંડવોનો રાજકોષનો ખજાનો છલકાયો . મુત્સદ્દી કૃષ્ણના કારણે આવા ત્રિવિધ લાભો વ્યક્તિ પાંડવોને જ નહીં, એ વખતના સર્વ આર્યાવર્તના રાજાઓ અને પ્રજાજનોને પણ મળ્યા.

જરાસંઘની જેમ નરકાસુર વધ પણ વિચક્ષણ કૃષ્ણની મહાસિધ્ધિ છે . છેક દ્વારકાથી પ્રાગજ્યોતિષપુર (આસામ) જેટલા લાંબા અંતર સુધી પોતાના સૈન્યને સંગઠિત રાખીને દોરી જવું , ભૌગોલિક રીતે તદ્દન જુદાજ પ્રકારના અને સાવ અજાણ્યા પ્રદેશમાં સૈન્ય - વ્યૂહરચના ગોઠવવી અને તેને કાર્યાન્વિત કરી સુરક્ષિત સ્થાનમાં રહેલા સશક્ત શત્રુને નેસ્તનાબૂદ કરવાનું કૃત્ય વિચક્ષણ કૃષ્ણની મુત્સદ્દીગીરીનું પરિણામ છે. વિજય પ્રાપ્ત થયા પછી નરકાસુરની અનર્ગળ સંપતિ કૃષ્ણ દ્વારકામાં લાવે છે અને સૌ દ્વારકાવાસીઓમાં વહેંચી દે છે. આવી અપૂર્વ અને અકલ્પ્ય વહેંચણી માટે લોકો કૃષ્ણ પર અભિનંદનનો વરસાદ વરસાવે છે . આટલા ભવ્ય વિજય પછી કૃષ્ણે દાખવેલી નમ્રતા કાબિલેદાદ છે. તો નરકાસુરના બંદીગૃહમાથી મુક્ત કરેલી 16000 સ્ત્રીઓ સાથે લગ્ન કરીને કૃષ્ણ એમને ગૃહિણીનું ગૌરવ બક્ષે છે.

યુદ્ધમાં શસ્ત્ર ન પકડવાની પ્રતિજ્ઞા અને અર્જુનના સારથી બનવાના નિર્ણયમાં પણ કૃષ્ણનું મુત્સદ્દીપણું પ્રગટ થાય છે . પોતે શસ્ત્ર નહિ પકડે એમ જાણીને દુર્યોધનના ગુરુ બલરામ પણ યુદ્ધમાં કોઈ પક્ષે નહીં જોડાય અને અર્જુનનો રથ હાંકતા હાંકતા અર્જુનને તથા પાંડવોને યુદ્ધ દરમિયાન જરૂરી માર્ગદર્શન પણ આપી શકાશે એવી દીર્ઘદ્રષ્ટી રાખીને આ નિર્ણય કર્યો છે . ધર્મરક્ષક પાંડવોને પૂરા દિલથી મદદરૂપ થવાનો કૃષ્ણ માટે આ સૌથી ઉત્તમ માર્ગ હતો.

યુદ્ધ અનિવાર્ય બન્યું હોવા છતાં અને કૌરવો પોતાની વાત સ્વીકારવાના નથી તેવું પહેલેથીજ જાણવા છતાં કૃષ્ણ વિષ્ટિ અર્થે હસ્તિનાપુર જવાનું નક્કી કરે છે એ પણ એમની મુત્સદ્દીગીરીનો જ એક ભાગ છે . આમ કરવાથી દુનિયા તો એમ કહેશે એ કે પાંડવોએ તો કુરુકુળને તેમજ સમસ્ત ક્ષત્રિય કુળને સંહારમાથી બચાવી લેવા છેલ્લામાં છેલ્લા પ્રયત્નો કર્યા હતા ,પણ કૌરવો ન માન્યા. વળી, આ કારણે દુનિયા આગળ પાંડવો નિર્દોષ ઠરશે અને ધર્મનિષ્ઠ રાજાઓ તેમજ પ્રજાજનોની સહાનુભૂતિ પણ પાંડવોને મળશે . વિષ્ટિ દરમિયાન કૌરવસભામાં પાંડવોને થયેલા તીવ્ર અન્યાયની અને એ અન્યાયમાં મૌન રહીને કુરુશ્રેષ્ઠોએ કરેલી ભૂલોને પણ ઉજાગર કરવાને કારણે યુદ્ધ દરમિયાન ભીષ્મ,દ્રોણ,કૃપાચાર્ય જેવા કૌરવ-યોદ્ધાઓ પાંડવો સામે મન મુકીને નહીં લડે. આ ઉપરાંત યુદ્ધમાં થનાર ભયંકર વિનાશ દેખીને જાગતા અપરાધભાવમાંથી પણ પાંડવોને મુક્તિ મળશે. વિલક્ષણ મુત્સદ્દી કૃષ્ણ આ બધું એમની બુધ્દ્બિપ્રતિભાથી નિહાળી શકે છે.

યુદ્ધ પૂર્વે , યુદ્ધ દરમિયાન અને યુદ્ધ પછી પણ મુત્સદી કૃષ્ણની બુદ્ધિપ્રતિભાના તેજલીસોટા દેખાયા જ કરે છે . વિષ્ટિ અર્થે હસ્તિનાપુર ગયેલા કૃષ્ણ પાછા વળતાં પોતાના રથમાં કર્ણને સાથે લે છે .કર્ણને એના જન્મની વાતથી અવગત કરાવી, એ વરિષ્ઠ પાંડુપુત્ર છે,

કાંતેય છે એની ખાતરી કરાવી પાંડવપક્ષમાં આવી જવાનું સમજાવે છે. અલબત્ત કર્ણ કૃષ્ણની વાતનો સ્વીકાર કરતો નથી, પણ કૃષ્ણમિલનથી પ્રભાવિત થયેલો કર્ણ કુંતીને મળે છે ત્યારે અર્જુન સિવાયના અન્ય ભાઈઓને ન મારવાનું માતાને વચન આપે છે વળી , પોતે કૌરવ પક્ષે લડતો હોવા છતાં ધર્મ તો પાંડવપક્ષે છે એવી એને પ્રતીતિ થતાં યુદ્ધ માટેનો એનો આવેગ ઓછો થાય છે , વર્ષોથી કર્ણ જન્મની કથા જાણતા હોવા છતાં કૃષ્ણ યુદ્ધ સમયે જ કર્ણને એ વાતથી અવગત કરાવે છે એમાં મુત્સદી કૃષ્ણની ખૂબી પ્રગટ થાય છે ગુપ્ત વાતને વર્ષોનાં વર્ષો સુધી હ્રદય માં ભંડારી રાખવાનું અને જરૂર પડે ત્યારે એને વાણી સ્વરૂપે પ્રગટ કરવામાં કૃષ્ણ માહેર છે.

યુદ્ધ દરમિયાન શ્રુતાયુદ્ધની ગદાથી તેમજ કર્ણની અમોઘ શક્તિથી અર્જુનને બચાવવાનાં કાર્યોમાં પણ કૃષ્ણની મુત્સદીગીરી જ છે . અર્જુન સામે યુદ્ધ કરતાં શ્રુતાયુદ્ધને ઉશ્કેરીને , એનો ઉપહાસ કરીને એની પાસે રહેલી ગદા કૃષ્ણ પોતાના પર ફેંકવા મજબૂર કરે છે . ઉપહાસથી ઉશ્કેરાયેલો શ્રુતાયુદ્ધ એ ગદાનો પ્રહાર નિ:શસ્ત્ર એવા કૃષ્ણ પર કરે છે ગદાના પ્રહારને કૃષ્ણ ચૂકાવી દે છે નિ:શસ્ત્ર કૃષ્ણ ઉપર ગદા ફેંકીને શ્રુતાયુદ્ધ શાપ મુજબ પોતાનો જ નાશ કરી બેસે છે. એ જ રીતે કર્ણ અને અર્જુન વચ્ચે શરૂ થયેલા ભીષણ યુદ્ધ દરમિયાન પણ કૃષ્ણ એમને મુત્સદીગીરીનો ઉપયોગ કરીને અર્જુનને કર્ણના કોપ માંથી બચાવી લે છે કૃષ્ણ અર્જુનના રથને સિફતપૂર્વક કર્ણ સામેથી ખસેડી ને રાક્ષસરાજ ઘટોત્ચકને કર્ણ સામે ભીડાવે છે ઘટોત્ચકની રાક્ષસી શક્તિથી ત્રાહિમામ પોકારીને ત્રાસી ઉઠેલા કૌરવસેનાનીઓની હાક અને માગણી થી કર્ણ અને ઈન્દ્રે આપેલી અમોઘ શક્તિ ઘટોત્ક્ચ ઉપર ફેંકે છે . ઘટોત્કચ પળવારમાં મૃત્યુ પામ્યો . પણ કૃષ્ણ ની મુત્સદીગીરી ને કારણે અર્જુન બચી ગયો !

દ્રોણવધ પ્રસંગે પણ કૃષ્ણનું મુત્સદીપણું જ વિજયી થાય છે . સામન્ય યોદ્ધાઓ ઉપર પણ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરી મૃત્યુનો વરસાદ વરસાવતા દ્રોણના હાથમાંથી કોટિઉપાએ પણ ધનુષ્ય નીચે મુકાવું જોઈએ એવું મુત્સદી કૃષ્ણને લાગે છે. અશ્વત્થામા હણાયો છે એવી વાત દ્રોણાચાર્ય સુધી પહોંચાડવામાં આવે તો જ આ શક્ય બને. ભીમ અશ્વત્થામા નામના હાથીને મારી નાખી અશ્વત્થામા હણાયો એવો ઘાંટો પડે છે. સાશંક દ્રોણ હકીકતની ખરાઈ કરવા યુધિષ્ઠિર પ્રતિ જુએ છે . બૃહદધર્મની રક્ષા કરવા થો ડુંક અસત્ બોલીને પણ અમારા સૌની રક્ષા કરવી ઘટે છે એવી કૃષ્ણની વાણીથી પ્રેરિત યુધિષ્ઠિર ' અશ્વત્થામા મરાયો છે' એવું ઉચ્ચારે છે. ત્યારે દ્રોણનો યુદ્ધ કરવાનો ઉત્સાહ ઓસરી જાય છે અને ધનુષ્ય નીચે મૂકી દે છે. ધૃષ્ટદ્યુમ્ન ક્ષણનોય વિલંબ કર્યા વિના ખડગ વડે દ્રોણનું શીશ કાપી નાખે છે . ધનુષ્ય સાથે અજેય અને મૃત્યુંજય દ્રોણ કૃષ્ણની મુત્સદીગીરીને કારણે મોતને ભેટે છે અને પાંડવો દ્રોણના હાથે મોતના મુખમાં જતાં બચી જાય છે

યુદ્ધ પછી કૃષ્ણના મુત્સદીપણાને કારણે જ ભીમ ધૃતરાષ્ટ્રની ભીંસ માંથી બચી જાય છે યુદ્ધ પછી કૃષ્ણ સામે બધા પાંડવો ધૃતરાષ્ટ્રને મળવા જાય છે એક પછી એક પાંડવો ધૃતરાષ્ટ્રને વંદન કરી ભેટે છે . પોતાના અનેક પુત્રોના હત્યારા , દુ:શાસનનું રક્ત પીનારા અને અધર્મ આચરણ કરીને દુર્યોધનની જાંઘ ભાંગી નાખનારા ભીમ ઉપર ધૃતરાષ્ટ્ર અંતરમનથી અત્યંત ક્રોધિ ત છે.મુસત્સદી કૃષ્ણ ધૃતરાષ્ટ્રના મનને આરપાર નિહાળી શકે છે. એટલે જ્યારે ભીમને બાહુમાં લેવા ધૃતરાષ્ટ્ર હાથ પહોળા કરે છે ત્યારે ભીમને બાજુએ ખસેડી દુર્યોધને બનાવેલી ભીમની લોહપ્રતિમા ધૃતરાષ્ટ્ર સામે ધરી દે છે . ધૃતરાષ્ટ્રની ભીંસને કારણે લોહપ્રતિમાના ટુકડે ટુકડા થઈ જાય છે અને ભીમ ધૃતરાષ્ટ્રના મૃત્યુપાશમાંથી બચી જાય છે ! આ છે કૃષ્ણના મુત્સદીપણાની કમાલ !

આમ, ઉગ્રેસેનના રાજ્યાભિષેક પ્રસંગથી આરંભાયેલી કૃષ્ણની મુત્સદીગીરી એ પછી વધુ ને વધુ દ્રઢ બનતી જાય છે . યુવાન અને પ્રૌઢ કૃષ્ણના જીવનમાં કૃષ્ણનું મુત્સદીપણું અત્ર -તત્ર-સર્વત્ર વર્તાય છે. કૃષ્ણનું મુત્સદીપણું એમના વ્યક્તિત્વનું એક વિલક્ષણ લક્ષણ છે . એમના આ લક્ષણને કારણે જ કૃષ્ણ સૌને અકળ લાગે છે . સમગ્ર આર્યાવતમાં કૃષ્ણના પ્રભાવને પ્રસરાવવામાં એમની ધર્મનિષ્ઠા અને સત્યનિષ્ઠા ઉપરાંત એમના મુત્સદ્દીપણાનો ફાળો પણ નોંધનીય છે.

**પાદટીપ:**

૧. (અનુ) શાસ્ત્રી, ગિરિજાશંકર મયાશંકર ,'હરિવંશ', અધ્યાય -૩૮:૬૬, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય -અમદાવાદ,ચોથી આવૃતી-૨૦૦૦ પૃ.૨૧૧

૨. એજન-૩૯

૩. મહર્ષિ વેદવ્યાસ: શ્રી મહાભારત આદિપર્વ,અધ્યાય-૨૨૧: ૬-૮, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય-અમદાવાદ,ચોથી આવૃતી-૧૯૯૯